

કીચન ગાર્ડન યુનિટ



જીવામૃત યુનિટ



નાડેપ કમ્પોસ્ટ યુનિટ



ગૌ-શાળા



બાયો પેસ્ટીસાઈડસ્ યુનિટ



ખેત ઓજાર પ્રદર્શન કક્ષ



અઝોલા યુનિટ



વર્મિકમ્પોસ્ટ યુનિટ

भाकृअनुप ICAR

Ganpat University
॥ विद्यया समाजोत्कर्षः ॥

# આપણા જિલ્લાનું કૃષિધામ




શ્રી મુકેશ આર. પટેલ | ડૉ. રમેશ એ. પટેલ

Ganpat University
॥ विद्यया समाजोत्कर्षः ॥

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા**
ગણપત વિદ્યાનગર-૩૮૪ ૦૧૨, મહેસાણા-ગાંધીનગર હાઈવે,
તા.જી. મહેસાણા (ઉ.ગુ.) ફોન : ૦૨૭૬૨-૨૮૯૧૮૯
E-mail : kvkmehsana@ganpatuniversity.ac.in
Web: www.kvkmehsana.org

પ્રકાશક
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા
ગણપત યુનિવર્સિટી

# ખેતીમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવી સમૃધ્ધિ પામો

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

हर कदम, हर डगर
किसानों का हमसफर
भारतीय कृषि अनुसंधान परिषद
Agrisearch with a human touch

| નામ | વિષય | મોબાઈલ નંબર |
|---|---|---|
| ડૉ. રમેશ એ. પટેલ | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા | મો.૯૪૨૭૬ ૯૨૮૦૫ |
| ડૉ. શરદ એમ. સોની | પશુપાલન | મો.૯૨૨૮૩ ૩૨૬૮૧ |
| શ્રી ભરતભાઈ કે. પટેલ | પાક ઉત્પાદન | મો.૯૮૭૯૮ ૨૦૮૧૮ |
| શ્રી મુકેશ આર. પટેલ | વિસ્તરણ શિક્ષણ | મો.૮૫૧૧૨ ૨૧૧૫૮ |
| શ્રીમતી બબીતા રામનિવાસ | ગૃહ વિજ્ઞાન | મો.૯૧૫૭૬ ૯૫૫૭૩ |
| શ્રી રવિ એ. કાછડિયા | કૃષિ ઈજનેર | મો.૯૪૨૮૯ ૮૯૫૫૫ |
| શ્રી અશ્વિનભાઈ આર. પટેલ | ફાર્મ મેનેજર | મો.૯૯૦૪૦ ૫૮૧૪૯ |

આ ધરતી ઉપર જો કોઈને
છાતી કાઢીને ચાલવાનો અધિકાર હોય
તો તે ધરતીમાંથી ધાન્ય પેદા કરનાર ખેડૂતને જ છે.

- સરદાર વલ્લભભાઈ પટેલ

## આપણા જીલ્લાનું કૃષિધામ






**કેવિકે એક નજરઃ**

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા આપણા દેશના દરેક જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. મહેસાણા જીલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત વિદ્યાનગર ખાતે સને ૨૦૦૫ થી કાર્યરત છે. મહેસાણા ડિસ્ટ્રીક્ટ એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા અનુદાનિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રનું મુખ્ય કાર્ય તકનીકી વિસ્તરણ (ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી)નું છે. કૃષિ યુનિવર્સિટીઓના સંશોધન કેન્દ્રો ઉપર ખેતી, પશુપાલન તથા તેને સંલગ્ન ક્ષેત્રોમાં કરવામાં આવતા સંશોધનોને તેના મુખ્ય ઉપભોક્તા ખેડૂતો સુધી તેમની ભાષામાં પહોંચાડવાનું કાર્ય કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કરે છે.

**માતૃ સંસ્થા :**

શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલ આપણી સંસ્થા મહેસાણા ડિસ્ટ્રીક્ટ એજ્યુકેશન ફાઉન્ડેશન, ગણપત વિદ્યાનગર ફક્ત વિદ્યાર્થીઓ માટે જ નહિ, પરંતુ જીલ્લાના ખેડૂતો માટે પણ કાંઈક કરવાનો અભિગમ દાખવતાં જીલ્લાનું કેવિકે કેમ્પસમાં કાર્યરત કરવાના પ્રયત્નોમાં સફળતા મળી જે અંતર્ગત કેવિકે ને ૨૦ હેક્ટર જમીન, ટ્યુબવેલ અને ટ્રેક્ટર જેવી સવલતો આપવામાં આવી.





**મુખ્ય ધ્યેય :**

**ખેડૂતો અને ખેત મહિલાઓ માટે તાલીમ કાર્યક્રમ :** ખેડૂતો અને ખેત મહિલાઓ માટે કૃષિ અને સંલગ્ન વિષય પર તેમની જરૂરીયાત અનુસાર એક કે એકથી વધુ દિવસોની કેન્દ્રિય અને ક્ષેત્રિય તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આપણા વિસ્તારના મુખ્ય ખેતી અને બાગાયતી પાકોની વૈજ્ઞાનિક ખેતી, જૈવિક ખેતી, ખેત પેદાશોમાં મૂલ્યવર્ધન, સુધારેલા ખેત ઓજારો, પાક સંરક્ષણ, ખેત ઈજનેર, પશુપાલનમાં વૈજ્ઞાનિક ઢબે પશુઉછેર, ગૃહ વિજ્ઞાનમાં ઉંચી ગુણવત્તાવાળા અથાણા, વિવિધ પ્રકારના પોષક આહાર જેવા વિવિધ વિષય પર નિષ્ણાંતો દ્વારા કેન્દ્રિય અથવા ક્ષેત્રિય તાલીમોનું આયોજન કરવામાં આવે છે.



**ઈન સર્વિસ ટ્રેનિંગ :** કૃષિ વિસ્તરણના પાયાના કર્મચારીઓ જેવા કે ગ્રામ સેવક, ગ્રામ મિત્રો, વિસ્તરણ અધિકારીઓ, ખેતી મદદનીશ તથા બાળ વિકાસ સાથે સંકળાયેલા કર્મચારીઓને નવી વૈજ્ઞાનિક તજજ્ઞતાઓ, ભલામણો વિશે વિસ્તૃત જાણકારી આપવા તાલીમો ગોઠવવામાં આવે છે જેથી નવી શોધાયેલ તજજ્ઞતાનો ઝડપી પ્રચાર - પ્રસાર થઈ શકે.



**વ્યવસાયિક તાલીમ કાર્યક્રમો અને અનુદાનિત તાલીમો :** ગ્રામ્ય વિકાસના અગત્યના ક્ષેત્રો જેવા કે બિજ ઉત્પાદન, સજીવ ખાતર ઉત્પાદન, ગૃહ ઉદ્યોગના વિવિધ વિસ્તારમાં સંસ્થાના સહયોગથી વ્યવસાયિક તાલીમ કાર્યક્રમો અને અન્ય વિસ્તરણ પ્રવૃત્તિઓ આયોજીત કરી ગામના યુવાન-યુવતિઓ, જમીન વિહોણા ખેડૂતો, ખેત મહિલાઓ તથા સ્વસહાય જૂથને રોજગાર પુરો પાડતી પ્રવૃત્તિઓ અંગે તાલીમબધ્ધ કરી સર્વાંગી ગ્રામ્ય વિકાસ કરવાનો કેન્દ્ર તરફથી પ્રયત્ન કરવામાં આવે છે.




**પ્રથમ હરોળના નિદર્શન (FLD) :** એક કહેવત છે કે “જાણ્યા કરતાં જોયુ ભલુ” તેને સાર્થક કરતાં સંશોધિત તજજ્ઞતાઓને ખેડૂતોના ખેતરે ગોઠવી તેની યોગ્યતા ચકાસવામાં આવે છે. આ માટે ખેડૂતોને તજજ્ઞતાને લગતી જુદી જુદી કીટ તથા તેને લગતી તાલીમ આપવામાં આવે છે, અને તેના પરિણામ સુધી સંપર્કમાં રહી તેનું માર્ગદર્શન કરવામાં આવે છે.



**સ્થળ પરના અખતરા (ઓન ફાર્મ ટેસ્ટીંગ-OFT)** કેન્દ્ર દ્વારા સ્થાનિક પરિસ્થિતિમાં કૃષિ તજજ્ઞતાઓ કામ કરે છે કે નહિ તેની ચકાસણી ખેડૂતના ખેતર ઉપર કરવામાં આવે છે જેમાં ખેડૂતની પધ્ધતિ અને વૈજ્ઞાનિકોએ ભલામણ કરેલ પધ્ધતિ અંગે ચકાસણી કરી તેમાં સુધારા-વધારા કરી તે મુજબ ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે એટલે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર એસેસમેન્ટ ઓફ રીસર્ચ નું પણ અગત્યનું કામ કરે છે.

**વિસ્તરણ પ્રવૃત્તિઓ :** વિસ્તરણની અન્ય પ્રવૃત્તિઓ જેવી કે ખેત દિવસ, ખેડૂત દિવસ, કૃષિ મેળા, રાત્રી સભાઓ, કૃષિ પ્રદર્શનો, કિશાન ગોષ્ઠી, કિસાન ક્લબ, સ્વસહાય જૂથો, મહિલા મંડળ, યુવક મંડળો, પશુ સારવાર કેમ્પ, વિવિધ મહત્વના દિવસોની ઉજવણી, સ્વચ્છ ભારત અભિયાન જેવા કાર્યક્રમો કરવામાં આવે છે. કેન્દ્રના વિષય નિષ્ણાતો દ્વારા ખેડૂતોને ખેતીના પ્રશ્નો માટે ટેલીફોનીક, પત્રવ્યવહાર તેમજ મોબાઈલ સંદેશા દ્વારા પણ માહિતી આપવામાં આવે છે.
















## કેવિકેમાં ઉપલબ્ધ સુવિધાઓ



**તાલીમ અને કોન્ફરન્સ હોલ :** કેવિકે ખાતે ખેડૂતો માટે અદ્યતન સુવિધા પુરી પાડવામાં આવે છે. ખેડૂતોને તાલીમ આપવા માટે ૫૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો વાતાનુંકુલીત તાલીમ હોલ છે, જેમાં એલ.સી.ડી. પ્રોજેક્ટરના માધ્યમથી પાવર પ્રોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તાલીમ આપવામાં આવે છે. તદ્ઉપરાંત જાણકારી હેતુસર ખેતીને લગતાં જુદા જુદા ચાર્ટ્સ તથા આપણા વિસ્તારના વિવિધ પાકોની સુધારેલી જાતોના બિયારણના નમુનાઓ ગોઠવેલ છે. એ.સી. તથા એલ.સી.ડી. પ્રોજેક્ટ જેવી સુવિધાઓથી સુસજ્જ ૨૫ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો કોન્ફરન્સ હોલ પણ ઉપલબ્ધ છે.



**ખેડૂત છાત્રાલય :** તાલીમ દરમ્યાન આવેલ ખેડૂતોને રહેવા માટે ઉત્તમ સુવિધાયુક્ત ૧૮ રૂમો ધરાવતું છાત્રાલય ઉપલબ્ધ છે, જેની ક્ષમતા ૬૦ વ્યક્તિઓની છે. તાલીમમાં ભાગ લીધેલ ખેડૂતોને વિના મૂલ્યે રહેવાની






**નિદર્શન યુનિટ :** ખેડૂતો પ્રત્યક્ષ જ્ઞાન તથા જાણકારી મેળવી શકે તે માટે કેવિકે ખાતે નર્સરી અને પ્લગ નર્સરી યુનિટ સ્થાપવામાં આવ્યા છે. જેમાં ઋતુ પ્રમાણે તંદુરસ્ત ઘરૂ અને રોપાનો ઉછેર કરી ખેડૂતોને પુરા પાડવામાં આવે છે વર્મીકમ્પોસ્ટ - યુનિટ દ્વારા ખાતર અને અળસિયાનું ઉત્પાદન કરવામાં આવે છે.

તદ્ઉપરાંત અદ્યતન ખેત ઓજારો જેવા કે રોટાવેટર, ઓટોમેટીક ઓરણી, ડીશ પ્લાઉ, હાથ કરબડી, ઝીરો સીડ ડ્રીલ, ડીબલર, મલ્ટી ક્રોપ થ્રેસર, બ્રશકટર, સીડકમફર્ટીલાઈઝર ડ્રીલ, બીજ ક્લીનીંગ મશીન, પાવર ટીલર, પાવર સ્પ્રેયર, લીંબુવેણી, ચાફક્ટર, લેઝર લેવલર, વૈજ્ઞાનિક ઢબની ગમાણ વગેરે કેવિકે ખાતે નિદર્શન અંતર્ગત ઉપલબ્ધ છે.



**લેબોરેટરી :** આધુનિક ખેતીના સમયમાં જમીનની તંદુરસ્તી ચકાસણીનું મહત્વ વધવા લાગ્યું છે ત્યારે કેવિકે ખાતે આ માટે જમીન અને પાણી ચકાસણી પ્રયોગશાળા કાર્યરત છે. જેમાં જમીનમાં રહેલા મુખ્ય પોષક તત્વો ઉપરાંત સુક્ષ્મ પોષક તત્વોનું પૃથ્થકરણ થાય છે જેથી પાકની વાવણી પહેલા ભલામણ મુજબ ખાતર આપી વધારે ઉત્પાદન લઈ શકાય. આ ઉપરાંત કેવિકે ખાતે પ્લાન્ટ હેલ્થ ક્લીનીક અને લિફ ટીસ્યુ એનાલીસીસ પ્રયોગશાળાની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. જેમાં વનસ્પતિમાં રોગની ઓળખ અને નિદાન તેમજ પર્ણના પૃથક્કરણ દ્વારા ખાતરની જરૂરિયાત નક્કી કરી આપવામાં આવે છે.



**પુસ્તકાલય :**

ખેડૂતલક્ષી ૨૦ જેટલા કૃષિલક્ષી મેગેઝીનો તથા ૧૦૦ કૃષિલક્ષી પુસ્તકો તેમજ નિષ્ણાતો માટે જ્ઞાનવર્ધક ૩૦૦ થી વધુ પુસ્તકો ધરાવતી પુસ્તકાલયની સુવિધા છે.



**પ્રદર્શન હોલ (ઈન્ફોરમેશન ટેકનોલોજી યુનિટ) :** પાકોની જુદી જુદી જાતો, જીવાતના નમુનાઓ, ચાર્ટ તેમજ કૃષિ તેમજ પશુપાલન અને ગૃહઉદ્યોગને લગતા નમુના તેમજ જરૂરી સાહિત્ય ઉપલબ્ધ છે.



**નિદર્શન ફાર્મ :** નિદર્શન ફાર્મની જમીનમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિવિધ યુનિટનું બાંધકામ કરવામાં આવ્યું છે તથા ખેતીલાયક જમીનમાં વિવિધ બાગાયતી પાકો અને વૃક્ષો પણ છે. દરેક ઋતુમાં વિવિધ પ્રકારના પાકોનું નિદર્શન અને બીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. તેમજ ઉત્પાદન થતા બિયારણો તેમજ ઘરૂ ન-નફો ન-નુકસાનથી ખેડુતોને વહેંચવામાં આવે છે.

**અન્ય :**

- સ્ટાફ ક્વાટર્સ
- ગોડાઉન
- પાક નિદર્શન યુનિટ
- ગૌ-શાળા
- થ્રેસીંગ યાર્ડ
- ગોબર ગેસ પ્લાન્ટ
- અઝોલા યુનિટ
- જીવામૃત યુનિટ
- બાયો પેસ્ટીસાઈડસ્ યુનિટ